અપીલ અરજી નં.૨૩૬ તા.૨૯–૧૦–૧૦/૧૧

અરજદારઃ– શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણની તા.૯–૯–૧૦ ની અરજીથી શ્રી નંદનવન કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ. ટી.પી.સ્કીમ નં.૯ ફાયનલ પ્લોટ નં.૬૦ –એ બંગલા નં.૨૯ જુનો બંગલો ૭૦ ચો.વાર બાંધકામને તોડી નાખી બાંધકામ એરીયા તેનાથી ડબલ કરતા વધારે ક્ષેત્રફળ (જમીનનુ) નું બાંધકામઅંગે નવા બાંધકામ સામે વખતોવખત વાંધા અરજી રજુ કરેલ છે. ઉપરોકત બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીના બાંધકામનો પ્લાન કે રજાચીઠ્ઠી મંજુર થયેલ નથી. આપશ્રીના કાર્યલય તરફથી તા.૧૪–૯–૦૯ થી બાંધકામ દુર કરવાની નોટીસ આપવામાં આવી છે છતાં યથાવત પરિસ્થિતી રહેવા પામી છે. સદર બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીનું ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી અને કયારે તોડવા માંગો છો તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૬/૨૦૧૦–૧૧

શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણની તા.૯–૯–૧૦ની અરજીથી શ્રી નંદનવન કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ. ટી.પી.સ્કીમ નં.૯ ફાયનલ પ્લોટ નં.૬૦–એ બંગલા નં.૨૯ જુનો બંગલો ૭૦ ચો.વાર બાંધકામને તોડી નાખી બાંધકામ એરીયા તેનાથી ડબલ કરતા વધારે ક્ષેત્રફળ (જમીનનુ) નું બાંધકામ અંગે નવા બાંધકામ સામે વખતોવખત વાંધા અરજી રજુ કરેલ છે. ઉપરોકત બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીના બાંધકામનો પ્લાન કે રજાચીઠ્ઠી મંજુર થયેલ નથી. આપશ્રીના કાર્યલય તરફથી તા.૧૪–૯–૦૯ થી બાંધકામ દુર કરવાની નોટીસ આપવામાં આવી છે છતાં યથાવત પરિસ્થિતી રહેવા પામી છે. સદર બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીનું ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી અને કયારે તોડવા માંગો છો તે અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૭૫૭ તા.૭–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અરજદારની અપીલમાં રજુ કરેલ મુદ્દાઓ અંગે તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની મિલ્કત અંગે નોટીસ પછી કોઈ દફતરી વિગત ઉપલબ્ધ હોય, હાથ ધરાયેલ હોય તો તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૦૪ તા.૪–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પહોંચતી કરવામાં આવેલ નથી. જયારે અરજદારે અપીલ તબકકે મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)આરટીઆઈઆ.૭૫૭ તા.૭–૧૦–૧૦ ની નકલ, ટી.ડી.ઓ.નં./૩૫૯૫ તા.૧૪–૯–૦૯ ના તાકીદનો પત્રની નકલ રજુ કરેલ છે.

અરજદારની તા. તા.૯–૯–૧૦ ની અરજીથી શ્રી નંદનવન કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ. ટી.પી.સ્કીમ નં.૯ ફાયનલ પ્લોટ નં.૬૦ –એ બંગલા નં.૨૯ જુનો બંગલો ૭૦ ચો.વાર બાંધકામને તોડી નાખી બાંધકામ એરીયા તેનાથી ડબલ કરતા વધારે ક્ષેત્રફળ (જમીનનુ) નું બાંધકામઅંગે નવા બાંધકામ સામે વખતોવખત વાંધા અરજી રજુ કરેલ છે. ઉપરોકત બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીના બાંધકામનો પ્લાન કે રજાચીઠ્ઠી મંજુર થયેલ નથી. આપશ્રીના કાર્યલય તરફથી તા.૧૪–૯–૦૯ થી બાંધકામ દુર કરવાની નોટીસ આપવામાં આવી છે છતાં યથાવત પરિસ્થિતી રહેવા પામી છે. સદર બંગલા નં.૨૯ નંદનવન સોસાયટીનું ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી અને કયારે તોડવા માંગો છો તે અંગે માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી.સ્કીમ નં.૯(મજુરા), ફા.પ્લોટ નં.૬૦/એ, નંદનવન કો.ઓ.હા.સો.લિ. ના બંગલા નં.૨૯ ના બાંધકામની પરિસ્થિતી હાલમાં યથાવત છે. વધુમાં આપના ધ્વારા માંગ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. અરજદારે અપીલ તબકકે ટી.પી.સ્કીમ –૯ ફા.પ્લોટ નં.૬૦–એ પ્લોટ નં.૨૯ નું ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી અને બાંધકામ તોડવા માંગો છો? તેની માહિતી આપવા કૃપાવંત થશો? એવુ જણાવી અપીલ કરેલ છે. અરજદારે અપીલના મુદ્દામાં બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી તે બાબતે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ આધારીત માહિતી આપેલ છે જેમાં જે રેકર્ડ ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ છે વધુમાં કયારે તોડવા માંગો છો જે અંગે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ જાહેર માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. તેથી અરજદારની માગણી કાયદા સાથે તેટલા પુરતી સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડેલ હોય વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીઅઠવા ઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણ ,